# Sample Paper 2010
# Class : X
# Subject : Gujarati

MAX. MARKS: 100 TIME: 3 HOURS

- Please check that this question paper contains 6 printed pages.
- Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains 7 questions.
- Please write down the serial number of the question before attempting it.

## વિભાગ-૧

1. (અ) કોઈ પણ ***પાંચ*** વાકયમાં માગ્યા મુજબ રૂપાંતર કરી વાકય ફરીથી લખો. 5

(1) કાલે વિભાનો જન્મદિવસ છે.(પ્રશ્નવાકય બનાવો)

(2) તે બધા જવાબો સાચા લખ્યા છે.(નિષેધ વાકય બનાવો)

(3) અસત્ય વચન ન બોલો.(વિધિવાકય બનાવો)

(4) રાજવીઓ શા માટે કલહ મંડાયો છે એ કહેશો ? (રૂઢિપ્રયોગ દૂર કરી સમાનાર્થી વાકય બનાવો)

(5) ક્ષત્રિયોના ભાવ થોડા જ કરાય છે ? (વિધાન વાકય બનાવો)

(6) હાર જીરવવી.(રૂઢિપ્રયોગનો ઉપયોગ કરી વાકય બનાવો)

(7) You are in wood, in a stone, in a tree and in everything.(ગુજરાતીમાં ભાષાંતર કરો)

(બ) કૌંસમાં માગ્યા પ્રમાણે વાકય–પરિવર્તન કરો. (કોઈ પણ ***પાંચ***) 5

(1) મારાથી આ ભૂલ થઈ છે.(કર્તરિ રચના કરો)

(2) કોણે આ વાત કરી ?(કર્મણિ રચના કરો)

(3) અહીંથી એક રસ્તો ફંટાય છે.(વચન બદલો)

(4) દાદીની જીદ આગળ કોઈનું કંઈ ચાલે નહિ.(લિંગ બદલો)

(5) ત્રીજો માળ કેમ પસંદ કર્યો એનું કારણ જાણો છો દક્ષાએ કહ્યુ (વિરામચિહ્નો મૂકો)

(6) જો તું ખાલી મહેનત કરવાનું કામ માથે લે છે.(વચન બદલો)

(7) હીસાબ, ગૃહપતી, સાત્રાલય, દક્ષીણામૂતિ(જોડણી સુધારો)

(ક) કૌંસમાં માગ્યા પ્રમાણે કોઈ પણ ***પાંચ*** વાકયોના કાળ બદલો. 5

(1) આજે સ્કુલબસ મોડી હતી.(સાદો ભવિષ્યકાળ)

(2) તાજમહાલ યમુનાકિનારે હતો.(સાદો વર્તમાનકાળ)

(3) ગુજરાત એક વિશાળ રાજય છે.(સાદો ભૂતકાળ)

(4) તમે મને મારો છો શા માટે ?(પૂર્ણ ભૂતકાળ)

(5) પેલું ઝાડ સૂકાય છે.(પૂર્ણ વર્તમાનકાળ)

(6) તેના મો પરથી તેજ ઉડી ગયું.(ચાલુ ભૂતકાળ)

(7) બરાબર એક વાગે ગાડી આવી. (પૂર્ણ ભવિષ્યકાળ)

(ડ) કોઈ પણ ***પાંચ*** વાકયો સુધારીને લખો. 5

(1) મીરાં આવતો હતો.

(2) વિનોદે રમત રમતું હતું.

(3) નીચેના વાકયોની કાળ બદલાવો.

(4) તું મને બહું ગમતો છે.

(5) રામનું પત્નીનું નામ સીતા હતું.

(6) આ કુવામાંથી પાણી નથી.

(7) આ શાક ચાકુમાં સુધારી નાંખો.

2. (અ) આપેલા મુદ્દાઓ પરથી વાર્તા બનાવી યોગ્ય શીર્ષક આપો. 7

એક રાજા – નગરચર્યા જોવા માટે નીકળવું – રસ્તા વચ્ચે પથ્થર – રાજાએ પથ્થર નીચે એક ચિઠ્ઠી અને સોનામહોર મૂકવી – ખેડૂતનું પસાર થવું – અથડાવું – ચાલ્યા જવું – ઘોડાગાડીવાળાનું પસાર થવુ – અથડાવું – બબડાટ કરીને ચાલ્યા જવું – દૂધવાળીનું અથડાવું – બબડાટ કરીને ચાલ્યા જવું – એક વિધાર્થીનું પસાર થવું – પથ્થર ખસેડવો – ચિઠ્ઠી અને સોનામહોર – ચિઠ્ઠી વાંચવી "પથ્થર ખસેડવાનું ઇનામ" – બોધ

**અથવા**

નીચે આપેલા મુદ્દા પરથી આશરે ૧૫૦ શબ્દોમાં પરિચ્છેદ લખો.

<u>મોંઘવારીની માયાજાળ</u>

પ્રસ્તાવના – જીવનજરૂરિયાતની ચીજોના ભાવ આસમાને – ગરીબોનું જીવવું મુશ્કેલ – વેપારીઓ

દ્વારા થતી સંગ્રહાખોરી – મધ્યમ વર્ગના લોકોની મુશ્કેલીઓ – ખાવાનું પુરૂ ન મળતા લોકો ચોરી, લૂંટફાટ જેવા અવળા માર્ગે – મોંઘવારી દૂર કરવાના ઉપાય

(બ) પિતાની માંદગીને કારણે તમે શાળામાં નિયમિત જઈ શકતા નથી તેની જાણ કરતો પત્ર તમારા વર્ગ શિક્ષકને લખો. 8

**અથવા**

ભારે વરસાદને કારણે તમારા ઘર – ગલીઓમાં પાણી ભરાઈ ગયા છે. તેનો નિકાલ લાવવા માટે મ્યુનિસિપલ કમિશનરને અરજી લખો.

(ક) નીચેના આશરે ૧/૩ ભાગમાં પરિચ્છેદનો સંક્ષેપ કરો. 7

કોઈ પણ કાર્યમાં સફળતા મેળવવા માટે પરિશ્રમ કરવો જરૂરી છે. કેટલાક લોકો નસીબના ભરોસે બેસી રહે છે. નસીબના ભરોસે બેસી રહેનારને જીવનમાં સફળતા મળતી નથી. જંગલના રાજા સિંહને પણ ખોરાક મેળવવા માટે શિકાર કરવા જવું પડે છે. વિદ્યાર્થી નસીબને ભરોસે બેસી રહે અને અભ્યાસ ન કરે તો તે નાપાસ જ થાય. વેપારી દુકાને ન જાય તો એનો વેપાર જ ન ચાલે. ખેડૂત ખેતરમાં કામ કરવા ન જાય તો અનાજ ન પાકે. મજૂર મજૂરી ન કરે તો તેને કોઈ કંઈ ન આપે. એટલે જ કહેવાય છે કે 'ફરે તે ચરે, બાંધ્યો ભૂખે મરે.' જે વ્યકિત પરિશ્રમ કરે છે તેને જીવનમાં સફળતા મળે છે. કયારેક મહેનત કરવા છતાં આપણને ધારી સફળતા મળતી નથી. તેનું કારણ આપણી મહેનતમાં રહેલી કચાશ હોય છે. તે વખતે આપણે આપણામાં રહેલી કચાશ શોધી કાઢવી જોઈએ અને ફરી ઉત્સાહથી પ્રયત્ન કરવો જોઈએ. આપણે કરોળિયાનું ઉદાહરણ આપણી નજર સામે રાખવું જોઈએ. આપણે સતત પરિશ્રમ કરતા રહેવું જોઈએ. આપણને સફળતા અવશ્ય મળશે. દુનિયાના ઘણા મહાન માણસોની સફળતાનું કારણ પરિશ્રમ જ છે. પરિશ્રમ કરવાથી જ ભાગ્ય ખૂલે છે. કોઈ કવિએ સાચુ જ કહ્યુ છે કે "કામ કરે એ જીતે રે માલમ કામ કરે એ જીતે" આળસ એ જીવતા માણસની કબર છે જયારે પરિશ્રમ એ જ પારસમણી છે.

3. નીચનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. 8

અમારા સૌથી મોટા ભાઈ બાબા અમારી નીતિના ચોકીદાર હતા. તેમની ભણવાની ઓરડી એ તો ભારે જાહેર સંસ્થા જેવી હતી. બાબા નિશાળે જતા ત્યારે બધું સૂનું સૂનું થઈ જતું. પણ બાકીનો આખો દિવસ કાવ્યશાસ્ત્ર અને વિનોદની પિચકારીઓ ચાલતી. બાબાને ચોપડીઓનો અસાધારણ શોખ હતો. એટલે, હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને જરૂર હોય તેવી અને જરૂર ન હોય તેવી પણ જાતજાતની ચોપડીઓનો ઢગલો એમની ખોલીમાં પડેલો હોય. સ્વાભાવિક રીતે નિશાળના

છોકરાઓ, ગોળને માખીઓ ચોંટી રહે તેમ, બાબાની એ ઓરડીને ચોંટી જ રહેતા.

પ્રશ્નો :

(1) બાબાની ઓરડી કેવી હતી ?

(2) બાબા ઓરડીમાં હોય ત્યારે શું થતું ?

(3) બાબાની ઓરડીમાં શેનો ઢગલો પડેલો રહેતો ?

(4) નિશાળના છોકરા શું કરતા ?

## વિભાગ-૨

4. (અ) તમારા પાઠયપુસ્તકમાંથી લીધેલ નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ટૂંકા જવાબ લખો. 5

ખરી મઝા તો મંદિરના ઘુમ્મટ ઉપરથી અને તેની બાજુની અગાસીમાંથી સાબરને જોવાની છે. આખો વિશાળ વાંક ત્યાંથી આંખમાં આવીને સમાઇ જતો હોય એટલો સ્પષ્ટ અને સુરેખ દેખાય છે. ઝંકાર કરતી એ કોઇ સુવર્ણઝાંઝરી પૃથ્વીમાતાના પાયને વીંટળાઇ વળી હોય એવું ઊંચેથી લાગે છે. મને બરાબર યાદ છે કે પ્રથમ એ સ્થાનેથી મેં સાબરમતીને જોઇ ત્યારે સૂરજ આથમવાની તૈયારીમાં હતો. અને વર્ષાઋતુના જળભર્યા વાદળમાંથી પ્રતિબિંબિત થતી પ્રકાશની આભા નદીનાં પૂરને તપાવેલા સુવર્ણના રસ જેવી લાલચોળ બનાવી રહી હતી. પૂર ઓછા હતાં એટલે રતુમડી રેતીનો વર્તુલાકાર વિશાળ પટ ત્રાંબાના એક મોટા થાળ જેવો પથરાઇ રહ્યો હતો અને એ થાળની કોરેકોરે કનકરસ ફેર ફરી રહ્યો હોય એવો નદીનો દેખાવ હતો. સૂરજ આથમી જશે એ બીકે દોડીને ઉપર ચડેલો હું હાંફતોહાંફતો આભો બનીને એ જોઇ જ રહ્યો.

પ્રશ્નો :

(1) સાબરમતીને જોવાની ખરી મઝા કયાંથી આવે છે ?

(2) સૂરજ કયારે આથમવાની તૈયારીમાં હતો ?

(3) લેખકે પ્રકાશની આભાને કોની ઉપમાં આપી છે ?

(4) રતુમડી રેતીનો વર્તુલાકાર પટ એક મોટા થાળ જેવો કેમ લાગતો હતો ?

(5) નદીના પટને ઝડપથી જોઇ લેવામાં લેખકને શેનો ડર હતો ?

(બ) કોઈ પણ ***ત્રણ*** પ્રશ્નોના બે – ત્રણ વાકયોમાં જવાબ લખો. 6

(1) ભગવાન બુદ્ધ રોહીણીના તીરે શા માટે આવ્યા ?

(2) લેખક પોતાને સાગરકાંઠાનું સંતાન શા માટે કહે છે ?

(3) વેપારી શા માટે દુ:ખી થયો ?

(4) ગાંધીજીએ રાત્રી બાવરાની જેમ કેમ ગાળી ?

(5) મનુ ભાઈ પંચોળી માટે 'દક્ષિણામૂર્તિ' શા માટે વિશ્વવિદ્યાલય બની ગયું ?

5. (અ) નીચેનામાંથી કોઈ પણ ***બે*** પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો. 8

(1) સાબરમતીના ત્રણે સંગમો ટૂંકમાં વર્ણવી એ ત્રણે સંગમો સાબરમતિના બંધારણમાં શું ભાગ ભજવે છે તે જણાવો.

(2) 'આંગળી ઝાલીને એને દોરજે !' પાઠ ઉપરથી જીવનમૂલ્યોની તારવણી કરો.

(3) રમણનો આકાશદર્શનનો શોખ સદૃષ્ટાંત વર્ણવો.

(4) લેખકે રવિવારનો ઉપયોગ કઈ રીતે કર્યો ?

(બ) નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. 6

(1) હરિવલ્લભ ભાયાણીએ કઈ જાતકકથા લખી છે ?

(2) 'આંગળી ઝાલીને એને દોરજે !' કૃતિના મૂળ લેખક કોણ છે ?

(3) "સમાચાર સારા નથી" ઉકિત કયા પાઠની છે અને કોણ બોલે છે ?

(4) 'રોહિણીના તીરે' પાઠમાં આવતા કોઈ પણ ત્રણ પાત્રોના નામ લખો.

(5) 'દરિયાકાંઠાનું સંતાન' કોણ છે ?

(6) 'હિંદનું પંખી' પાઠ કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે ?

6. (અ) નીચેની કાવ્યપંકિતઓની નીચે આપેલા બધા પ્રશ્નોના ટૂંકા ઉત્તર લખો. 4

આવવું ન આશ્રમે – મળે નહિ સ્વતંત્રતા !
જંપવું નથી લગીર – જો નહિ સ્વતંત્રતા !
સ્નેહ, સૌખ્ય સૌ હરામ – જો નહિ સ્વતંત્રતા !
જીવવું મર્યા સમાન – ના યદિ સ્વતંત્રતા !

(1) આ કાવ્યપંકિત કયા કાવ્યમાંથી લેવામાં આવી છે અને તેના કવિ કોણ છે ?

(2) સ્વતંત્રતા ન મળે ત્યાં સુધી કોને કયાં પાછું આવવું નથી ?

(3) સ્વતંત્રતા ન મળે ત્યાં સુધી કઈ કઈ વસ્તુને હરામ ગણવામાં આવી છે ?

(4) કયાં સુધી જીવવું મર્યા સમાન છે ?

(બ) નીચેનામાંથી કોઈ પણ ***ત્રણ*** પ્રશ્નોના વિસ્તૃત જવાબ લખો. 12

(1) અખાના મતે શેનું શેનું અભિમાન નડે છે અને માણસ ઉપર તેની શું અસર પડે છે ?

(2) કવિ કલાપી માનવ સ્વભાવ વિષે કયું દુઃખ અનુભવે છે ? કેવી રીતે ?

(3) શ્રીકૃષ્ણનું સતત દર્શન થતું રહે તે માટે મીરાંબાઈ શું ઈચ્છે છે ?

(4) કવિ જંતુનાશક દવા બનવાનો નિર્ણય કેમ લે છે ?

(5) 'પલ' કાવ્યમાં આલેખાયેલા સમયના જુદાં જુદાં રૂપો સદૃષ્ટાંત સમજાવો.

7. (અ) નીચેના પ્રશ્નોના એક – એક વાકયમાં જવાબ લખો. 5

(1) 'ભોળી રે ભરવાડણ' કાવ્યમાં કવિએ શ્રીકૃષ્ણ માટે કયા કયા શબ્દો પ્રયોજયા છે ?

(2) મીરાંબાઈને શ્રીકૃષ્ણના દર્શન કયાં અને કયારે થાય છે ?

(3) અખાએ એક પરમેશ્વર અને અનેક પંથને કોની સાથે સરખાવ્યા છે ?

(4) કવિએ માળીને કઈ સૂચના આપેલી છે ?

(5) ગાંધીજીની દાંડીમાર્ચમાં લોકો કેવી રીતે ઉમટયા ?

(બ) કોઈ પણ ***બે*** પ્રશ્નોના બે – ત્રણ વાકયોમાં જવાબ લખો. 4

(1) મોર શા માટે ટહુકા કરે છે ?

(2) 'નમુ' કાવ્યના કવિને માનવતાની જીત શેમાં લાગે છે ?

(3) કવિ ફૂલ બનીને ફળતા જવાનું કેમ ઈચ્છે છે ?

(4) બગલા અને કાગડાના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવા માંગે છે ?

.................

Didar Hemani[Teacher New Era High School [Panchgani]
Email :deedardilwala@yahoo.com
fscience1@gmail.com
Ph. 9049 275713